

# જિલ્લાની એક અનોખી શાળા જયાં આખે આખુ મંત્રીમંડળ ભણે છે



**શાળામાં ચુંટણી યોજાય છે, રાઈટ-ટુ-રીજેકટ અને રાઈટ-ટુ-રીકૉલનો ઉપયોગ થાય છે : શાળામાં બાળકો બેંક પણ ચલાવે છે અને અદાલત પણ ભરાય છે : વિદ્યાર્થીઓ અખબાર પ્રકાશિત કરે છે**



ગાંધીનગર, તા.૨

ગાંધીનગર જિલ્લામાં એક શાળા એવી છે જયાં આખે આખું મંત્રીમંડળ અભ્યાસ કરે છે એટલું જ નહિ પરંતુ આ શાળામાં બેંક પણ કાર્યરત છે. અને બાકાયદા અદાલત પણ છે જેમાં દર બુધવારે મુકદમા ચાલે છે અને જજ સજા પણ સુણાવે છે. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા અખબાર પણ ચલાવવામાં આવે છે.

આ શાળામાં બાળકોના મંત્રીમંડળમાં તમામ વિભાગોના અલગઅલગ મંત્રી છે અને આ મંત્રીમંડળની પધ્ધતિસરની ચુંટણી યોજાય છે. જેમાં ફોર્મ ભરવાની તારીખ, ફોર્મ પાછુ ખેંચવાની તારીખ, ચુંટણી અધિકારી, ઉમેદવારોને ચુંટણી ચિહ્નની ફાળવણી, પ્રચાર અને મતપત્રક દ્વારા મતદાન, મતગણતરી તમામ પ્રક્રીયા યોજવામાં આવે છે. આ ચૂંટણીમાં જે ઉમેદવારોને સૌથી વધુ મતો મળે તે મુજબ તેમને મંત્રીપદ પ્રાપ્ત થાય છે. આ મંત્રીપદોમાં મહામંત્રી, વિદ્યાર્થી ભંડાર મંત્રી, ભોજન મંત્રી (ખોરાક મંત્રી), સફાઈમંત્રી, આરોગ્ય મંત્રી, પાણી મંત્રી, મહેમાન મંત્રી, (પ્રોટોકોલ), પ્રવાસ મંત્રી, રમતગમત મંત્રી, બાગાયત મંત્રી તેવા તમામખાતાના મંત્રીઓનો સમાવેશ થાય છે. એટલું જ નહી પરંતુ આ મંત્રીઓમાં કેટલાકના તો પેટા ખાતા પણ હોય છે. આ મંત્રીમંડળ આખી શાળાનું સંચાલન કરે છે ખાસ બાબત તો એ છે કે આ મંત્રીમંડળની ચુંટણીમાં નોટાનો પણ ઉપયોગ થાય છે અને રાઈટ ટુ રિજેકટનો પણ અધિકાર મતદાતાને મળે છે. સરકારમાં ભલે હજુ રાઈટ-ટુ-રીકૉલનો કાયદો લટકતો રહ્યો હોય પણ અહીંના આ કાર્યક્ષમ મંત્રીના માથે રાઈટ-ટુ-રીકૉલની તલવાર હંમેશા લટકતી જ હોય છે. દર છ માસે આમ સભા યોજાય છે અને મંત્રીઓએ તેમના કારોબારનો હિસાબ આપવો પડે છે.જો મંત્રી કાર્યક્ષમ ના હોય તો તેમને રાઈટ-ટુ-રીકૉલ દ્વારા પાણીચું પકડાવાય છે.

આ શાળામાં દર બુધવારે અદાલત ભરાય છે. જેમાં બાકાયદા જજ પણ હોય છે અને વકીલો પણ હોય છે. શાળામાં આરોપીઓ સામે ખટલા ચલાવાય છે, સુનાવણી હાથ ધરાય છે અને જરૂર લાગે તો જજ તેમને સજા પણ ફરમાવે છે. આ અદાલતમાં શાળામાં ગંદકી ફેલાવવી, અપશબ્દો બોલવા, શિસ્ત ના જાળવવી જેવા ગુનાઓ માટે આરોપીને કઠેરામાં ઉભો કરવામાં આવે છે વળી સજા પણ કેવી ફરમાવાય છે જેમ કે બે દિવસની ભણેસરીની સજા, આ ભણેસરી એટલે એમ કે જેને સજા અપાઈ હોય તે બાળક શાળાના પ્રારંભ થયા પહેલા શાળા સંકુલમાં પ્રવેશી ન શકે અને શાળા છુટયા બાદ સંકુલમાં રહી ના શકે કારણ કે આ સમય દરમિયાન બાળકોને સંકુલમાં સૌથી વધુ મજા આવે છે, રમવા મળે છે. આ શાળામાં બાળકો દ્વારા બાળ બેંક ચલાવાય છે જેમાં બેંક મેનેજર પણ હોય છે અને બાળકો બચત જમા કરાવે છે તેના પર વ્યાજ ચુકવાય છે અને લોન પણ અપાય છે.

ગાંધીનગર જિલ્લાની રાજપુર ગામની આ અનોખી સરકારી પ્રાથમિક શાળામાં બાળકો અભ્યાસની સાથે સાથે લોકશાહી, સામાજિક વ્યવસ્થા અને આર્થિક વ્યવસ્થા વગેરેના ગુણો શીખી રહ્યા છે આ શાળામાં બાળકો હસ્તલિખિત અખબાર પણ પ્રકાશિત કરે છે જેમાં વિવિધ સાંસ્કૃતિક સમાચાર સાથે ગામની નવાજૂની અને કાર્યક્રમો ઉપરાંત ઉપદેશાત્મક બાબતો પણ સમાવાય છે. આ ઉપરાતં આ અખબારમાં બાળકોની લેખન શૈલી વિકસાવતા મૌલિક સર્જનનો પણ સમાવેશ કરાય છે. શાળામાં આ તમામ બાબતો થકી બાળકોને સાચુ શિક્ષણ આપવાનો યશ જાય છે આચાર્ય અનિતાબેન અને શિક્ષિકા બિન્દુબેન સહિતના ચાર શિક્ષિકા બહેનોને જેમણે સાબિત કરી બતાવ્યું છે કે શિક્ષક જો ઈચ્છે તો દેશની આવતીકાલ ખરા અર્થમાં સુવર્ણ બનાવી શકે છે અને ગમે તેવી પરિસ્થિતિમાં પણ બાળકોને યોગ્ય શિક્ષણ આપી શકાય છે.

(તસવીર : સમીર રામી)

## @ગાંધીનગર

● બ્રહ્મસમાજ દ્વારા શિવમહિમ્ન પાઠ તથા સ્તુતિવંદના સે-૨૧માં બંકિમભાઈ મહેતાના નિવાસસ્થાન પ્લોટ નં. ૬૬૮/૨ ખાતે રાત્રે ૯ કલાકે યોજાશે.

● બ્રહ્મ બંધુ મિત્ર મંડળ દ્વારા શિવ મહિમ્ન સ્ત્રોત, સે-૨૩માં દેવુભા પરમારના નિવાસસ્થાન ૧૫૩/૪, લાલાના શોપીંગ સામે, બી-૧ ટાઈપ ખાતે રાત્રે ૯ કલાકે યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા સે-૨૯માં ભુવનેશભાઈ ઓઝાના નિવાસસ્થાને ૬૧/૧, ઘ ટાઈપ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે શિવરૂદ્રાભિષેક તથા શિવ મહિમ્ન પાઠ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## જે.એમ. ચૌધરી વિદ્યાલયનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા.૨

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની બાળાઓએ શૈક્ષણિક પ્રવાસનું આયોજન ગોઠવેલ હતું. પાવાગઢ, ગલતેશ્વર, ડાકોર, મહેમદાવાદના સિદ્ધિ વિનાયકના સ્થળોની મુલાકાત લીધી હતી. ૧૫૮ વિદ્યાર્થીઓએ આચાર્યશ્રી સંતોકબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ પ્રવાસ યોજયો હતો.

## એમ.બી. પેટલ કન્યા પ્રા. શાળામાં શિક્ષકદિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨

શહેરના સે-૨૩ સ્થિત એમ.બી. પટેલ કન્યા શાળા ખાતે તાજેતરમાં શિક્ષકદિનની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં બાળકોએ ભાગ લીધો હતો. શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ એક દિવસીય શિક્ષણકાર્ય વિદ્યાર્થીઓને કરાવ્યું હતું.

એમ.બી. પટેલ શાળા ખાતે તાજેતરમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણની યાદમાં શિક્ષકદિનની ઉજવણી કરાઈ હતી. શાળાના ધોરણ ૬ થી ૮ની ૯૭ વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ દિવસ દરમિયાન શાળામાં શિક્ષણ કાર્ય સહિત વહીવટી ફરજ બજાવી હતી. શાળાના આચાર્ય તરીકે કેયા પટેલ તથા સુપરવાઈઝર તરીકે વિડમ વિધી, મરુડીયા માનસી, પટેલ સિમરને કાર્ય સંભાળ્યુંહતું. ઉત્તમ શિક્ષણ કાર્ય કરનાર ત્રણ શિક્ષકોની પસંદગી કરી હતી. જેમાં પ્રથમસ્થાને કેયા પટેલ, બીજા સ્થાને ઈશાની ભટ્ટ, ત્રીજુંસ્થાન સિમરન પટેલે મેળવ્યું હતું. આચાર્ય નિરુબેન પટેલે પ્રાસંગિક પ્રવચનમાં શાળાની શિસ્ત, સ્વચ્છતા તથા વિદ્યાર્થીના જીવનમાં શિક્ષકનું શું મહત્વ છે તેની શીખ આપી હતી. સુંદર કામગીરી બજાવનાર વિદ્યાર્થીનીઓને ભેટ આપી પ્રોત્સાહન પુરું પાડવામાં આવ્યું હતું. શિક્ષક ચંદ્રકાંત પટેલ અને પ્રવિણભાઈ પટેલ દ્વારા તમામ વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રિયા ભાયાણીએ કર્યું હતું.



સહજાનંદ સ્કુલ ઓફ એચિવર, ચિલોડાના વિદ્યાર્થીઓ તાલુકા કક્ષાની અન્ડર ૧૪ની કબડ્ડીની સ્પર્ધામાં વિજેતા બન્યા બાદ અમદાવાદ પબ્લિક સ્કુલ ભાટ ખાતે ડિસ્ટ્રીકટ લેવલની કબડ્ડીની સ્પર્ધા માટે પહોંચ્યા હતા. જેમાં કુલ ૨૭ ટીમને સ્વસ્થ પ્રતિસ્પર્ધા પુરી પાડી પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. જેમાં ઝાલા ભરતસિંહ, ચૌધરી ધાર્મિક, ચૌહાણ વિજેન્દ્રસિંહ, વાઘેલા અમીરાજ, પંચાલ હર્ષ, પટેલ જય અને પટેલ તિલક નામના વિદ્યાર્થીઓ સમાવિષ્ટ હતા. ઉપરોકત વિદ્યાર્થીઓને આ સ્તર સુધી પહોંચાડવાનો શ્રેય શાળાની કબડ્ડી ટીમના કોચ શ્રી યોગેશભાઈ પટેલને ફાળે જાય છે. કબડ્ડીની આ ટીમ હવે રાજય સ્તરે રમવા જશે. શાળા અને કોચ માટે આ અત્યંત ગૌરવપૂર્ણ બાબત છે. સહજાનંદ ઓફ એચિવર, ચિલોડા દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેનો આ પ્રયત્ન ખરેખર પ્રશંસનીય છે. શાળા અન્ય ક્ષેત્રે પણ ટોચ પર પહોંચવા સક્ષમ બની છે.

## દત્તમંદિર પરિસરમાંથી લઘુરૂદ્ર દરમિયાન એકટીવા ચોરાયું

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના સે-૨૮ ખાતે સ્થિત દત્તમંદિર ખાતે ૨૫ ઓગષ્ટે લઘુરૂદ્રનું આયોજન થયું હતું. લઘુરૂદ્ર દરમિયાન દત્તમંદિર પરિસરમાંથી સાંજે ૮.૧૫ થી ૯.૩૦ના સમયગાળા દરમિયાન નવું જ એકટીવા ચોરી થઈ ગયું હતું. જીજે ૧ એ. ડબલ્યુ ૮૬૧૭ નંબરનું એકટીવા સવા કલાકના સમયગાળા દરમિયાન કોઈ ઉઠાવી ગયું હતું. શ્રીરંગ અવધૂત પરિવારનાં સભ્ય અને એકટીવા માલિક આર. એમ. પંડયાએ સે-૨૧ પોલીસ મથકમાં વાહન ચોરીની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ દત્તમંદિર પરિસરમાંથી ટેબલફેનની પણ ઉઠાંતરી થઈ જવા પામી છે બંને મળીને રૂ. ૪૦,૯૦૦ની મત્તાની ચોરી અંગે ફરિયાદ નોંધાઈ છે.

## રાજસ્થાનથી ગુમ થયેલો યુવાન કોલવડાથી મળ્યો

ગાંધીનગર, તા.૨

રાજસ્થાનથી લાપતા થયેલો અને માનસિક બિમારીનો ભોગ બનેલો ૩૦ વર્ષીય યુવાન કોલવડા આવી પહોંચ્યો હતો. આ યુવાન અંગે પેથાપુર પોલીસને જાણ થતા પોલીસ મથકમાં તેને લાવી સંત્વના આપીને વિશ્વાસમાં લીધા બાદ તેના પરિવારજનોની વિગત મેળવી હતી. ત્યાર બાદ પરિવારજનોનો સંપર્ક કરી તેમને બોલાવીને સોંપી દીધો હતો.

પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળા તથા હેડ કોન્સ્ટેબલ હરેન્દ્રસિંહ, કોન્સ્ટેબલ હરપાલસિંહ અને જતીનકુમાર ૨૯ ઓગષ્ટે ૧વાગ્યે કોલવડા પાસેથી પેટ્રોલીંગમાં નીકળ્યા હતા ત્યારે કોલવડા ગામે આવતા રોડ પર ભટકતો આશરે ૩૦ વર્ષીય યુવાન મળ્યો હતો. પોલીસ સ્ટેશન લાવીને માનસિક બિમાર જણાતા યુવાનને નાસ્તા પાણી કરાવી પોલીસે વિશ્વાસમાં લઈ પરીવાર વિશે પૃચ્છા કરી હતી. તેણે પોતાનું નામ શ્રવણદાસ ભુરદાસ વૈષ્ણવ અને સરનામુ હેમાવાસ, તા.જી. પાલી, રાજસ્થાન હોવાનું જણાવ્યું હતું. પેથાપુર પોલીસે રાજસ્થાન પોલીસનો સંપર્ક કરી તપાસ કરાવતા આ યુવાન મદનદાસ ભુરદાસ વૈષ્ણવનો નાનો ભાઈ હોવાનું જણાઈ આવ્યું હતું. મદનદાસનો સંપર્ક કરી પેથાપુર બોલાવીને લાપતા મળી આવેલા માનસિક બિમાર યુવાન શ્રવણદાસને સોંપી દીધો હતો. પેથાપુર પોલીસે ઓપરેશન મુસ્કાન અન્વયે વધુ એક લાપતાને પરિવાર સુધી પહોંચાડયો છે.

## જે.એમ. ચૌધરી વિદ્યાલયમાં સ્વયં શિક્ષણ દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૨

શ્રી જે.એમ. ચૌધરી વિદ્યાલયમાં સ્વયં શિક્ષણ દિનની ઉજવણી કરવામાં આવેલ હતી. ઉચ્ચતર માધ્યમિક વિભાગમાંથી ૫૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ઉત્કૃષ્ટ કામગીરી બદલ શ્રેષ્ઠ વિજેતાઓ જાહેર કરવામાં આવ્યા હતા. ભાષા-રાઠોડ ભુવનેશ્વરી, ગણિત-વિજ્ઞાન-રાજપુત રોશની, અન્ય વિષયોમાં-ઋતુ પુજારા શ્રેષ્ઠ શિક્ષક બન્યા હતા.

ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં દેસાઈ નિમા ભરતભાઈ, વાઘેલા અર્પિતા અમૃતભાઈ, કોમર્સના મેઘના આર. પરમાર અને રાણા દિવ્યાંગી વિજેતા થયેલ હતા. સર્વે વિદ્યાર્થીઓને શાળા પરિવારે શુભેચ્છા પાઠવી હતી.

## વાતવાતમાં

● બ્રહ્મસમાજ દ્વારા આયોજિત પરંપરાગત ગણેશોત્સવમાં સિંગીંગ-ડાન્સીંગ સ્પર્ધાઓ પણ યોજાશે. આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોનું રવિવારે સવારે ૧૦વાગે સે-૧૬માં બ્રહ્મભવન ખાતે ઓડીશન યોજાશે.

● ગાંધીનગરના સે-૨૧માં આજે મનપાના સફાઈ તંત્રએ સપાટો બોલાવ્યો હતો. શાક માર્કેટમાં અને આસપાસના વિસ્તારમાં જાણે સફાઈનું બુલડોઝર ફેરવી દીધું હોય તેટલું ચોખ્ખું ચણાક કરી દેવાયું છે.

● પેટ્રોલ પંપ પર કારચાલકોને વીન્ડસ્કીન વાઈપર વગેરે સાફ કરવાની મફત સેવા અપાય છે. જો કે આ સેવામાં ચાલકનું ધ્યાન પરોવાય ત્યારે બીજી તરફ પેટ્રોલમાં ગપચી વાગી ના જાય તે અંગે વાહનચાલકે સતર્ક રહેવું આવશ્યક છે.

● શ્રાવણિયા શોખીનો તો ગમે તેમ કરીને તેમનો શોખ પુરો કરવાના જ. હવે હોટલ-ગેસ્ટ હાઉસ પર જોખમ વધી જવાથી આઉટ ઓફ ફેશન થઈ ગયા છે. હવે તો આ શોખીનો ખાલી મકાનો ભાડે લઈને પણ 'સેફટી' સાથે શોખ માણી રહ્યાં છે.

● સરકારે ઈન્ટરનેટ કર્ફ્યુમાં તો છુટ આપી દીધી પરંતુ હજુ પણ પાટનગરના વીઆઈપી માર્ગ તરીકે ઓળખાતા 'જ' માર્ગ પર જાણે કર્ફ્યુ જ છે. આ માર્ગ પર હજુ પ્રવેશ બંધી યથાવત છે.

- સમીર રામી
9924446645

## આજે યાત્રાધામ બહુચરાજીમાં વિવિધ યાત્રિક સુવિધા કાર્યોના લોકાર્પણ

ગાંધીનગર, તા. ૨

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ આવતીકાલ તા. ૩ સપ્ટેમ્બર, ૨૦૧૫ને ગુરૂવારે પવિત્ર યાત્રાધામ, બહુચરાજીમાં વિવિધ યાત્રી સુવિધા કાર્યોના લોકાર્પણ કરશે.

શ્રીમતી આનંદીબહેન પટેલ ગુજરાત પ્રવાસન નિગમ અને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા બહુચરાજી મંદિર પરિસરમાં નિર્માણ પામેલા યાત્રી સુવિધા સંકુલ, પ્રદક્ષિણા પથ, ફૂડ કોર્ટ તેમજ ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા નિર્મિત પોપટ વસા યાત્રી ભવન અને પાલખીપથના લોકાર્પણ ગુરૂવારે બપોરે કરવાના છે.

આ પ્રસંગે યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજા, ગૃહ રાજ્યમંત્રી શ્રી રજનીભાઈ પટેલ તથા સાંસદ શ્રીમતી જયશ્રીબહેન અને પ્રવાસન નિગમના અધ્યક્ષ શ્રી કમલેશભાઈ પટેલ પણ ઉપસ્થિત રહેશે.

## વિજ્ઞાન પ્રવાહ ઉત્તરવહી અવલોકન કામગીરીની સમયમર્યાદા વધારાઈ

ગાંધીનગર, તા. ૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની એક યાદીમાં જણાવ્યાનુસાર વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૨ની ઉત્તરવહી અવલોકનની કામગીરી ચાલી રહી છે. જે આજે તા. ૩-૯-૨૦૧૫ના રોજ પૂર્ણ થશે. આ ઉત્તરવહી અવલોકન કામગીરીમાં સંજોગોવસાત જે વિદ્યાર્થીઓ હાજર રહી શક્યા નથી, તેઓ જરૂરી આધાર સાથે આજે તા. ૩-૯-૨૦૧૫ના રોજ બપોરે ૪.૦૦ વાગ્યા સુધીમાં ગાંધીનગર ખાતેની બોર્ડની કચેરીમાં ઉપસ્થિત થવાનું રહેશે.

## વાસણમાંથી ત્રણ અને આદિવાડામાંથી બે જુગારીઓ પકડાયા : રૂ. ૮૩૮૫ના મુદ્દામાલ સાથે પાંચની ધરપકડ

ગાંધીનગર શહેરની સે-૨૧ પોલીસે આદીવાડા ગામમાં જયારે પેથાપુર પોલીસે વાસણ ગામમાં દરોડા પાડીને શકુનીઓ પકડી પાડયા છે. શ્રાવણીયા જુગારના આ બંને કેસમાં મળીને પોલીસે રૂ. ૮૩૮૫ના મુદ્દામાલ સાથે પાંચ શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

સેકટર-૨૧ પોલીસ મથકના પીએસઆઈ સી.બી. ચૌહાણ તથા તેમની ટીમે બાતમીને આધારે આદીવાડા ગામમાં આંગણવાડી પાછળના ખુલ્લા વિસ્તારમાં જુગાર રમતા બે શખ્સોને ઝડપી લીધા હતાં. પેથાપુર ગામના મહમ્મદ રફીક બાબુભાઈ બલોચ અને આદીવાડા ગામના રમેશજી હેમતુજી મકવાણાની રોકડ રૂ. ૩૦૪૫ તથા બે મોબાઈલ મળીને રૂ. ૫૦૪૫ કિંમતના મુદ્દામાલ સાથે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તો બીજી તરફ પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ ડી.બી. વાળાએ બાતમીને આધારે વાસણ ગામની ભાગોળમાં વડ નીચે ખુલ્લેઆમ જુગાર રમતા ત્રણને દબોચી લીધા હતાં. વાસણીયા મહાદેવ ગામના અરવિંદસિંહ શંકરસિંહ વાઘેલા, શાન્તુજી ભારથુજી વાઘેલા અને જયેશસિંહ નટુસિંહ વાઘેલાની રોકડ રૂ. ૩૩૪૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી જુગાર ધારા હેઠળ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી શરુ કરી છે.

## માતા પુત્રએ મળીને પિતાની ધોલાઈ કરી પત્નિ અને ત્રણ સંતાનો સામે પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૨

પેથાપુર ગામના ઉમિયાનગર વિસ્તારમાં વિચિત્ર કિસ્સો બનવા પામ્યો છે. છુટાછેડા માંગીને પત્નિ ગૌરી ભીખાભાઈ પ્રજાતિએ દિકરા તુષાર સાથે મળીને પતિ ભીખાભાઈ શ્યામજીભાઈ પ્રજાપતિને લાકડી વડે ધોઈ નાંખ્યા હતા. આ મારઝુડમાં તેની બે દિકરીઓએ પણ ઉશ્કેરણી કરી હોવાની તથા પત્નિ-દિકરાએ મારઝુડ કરી હોવાની પોલીસ ફરિયાદ ભીખાભાઈએ પેથાપુર પોલીસ મથકમાં નોંધાવા પામી છે. એએસઆઈ વિજયસિંહે કલમ ૩૨૩, ૫૦૪ મુજબ ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

## આદ્ય ભાષા સંસ્કૃતની સરળ-સહજ સમજ-ઉપયોગ માટે "સરળ સંસ્કૃત" પુસ્તકની એક લાખ પ્રતનું વિતરણ

ગાંધીનગર, તા. ૨

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલને સંસ્કૃત સપ્તાહની પૂર્ણાહુતિના ઉપલક્ષ્યમાં અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહા અને સંસ્કૃત ભારતીના શ્રી હિમાંજય પાલીવાલે "સરળ સંસ્કૃત" પુસ્તિકા ભેટ આપી હતી.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, ભારત સરકારની સૂચના મુજબ તા. ૨૬ ઓગષ્ટથી પહેલી સપ્ટેમ્બર સુધી સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. સંસ્કૃત સાહિત્ય અકાદમી અને સંસ્કૃત ભારતી, ગુજરાત પ્રાંતે આ સપ્તાહ દરમ્યાન એક નવતર કાર્યક્રમ હાથ ધરેલ હતો. આ પ્રયોગમાં સંસ્કૃતના ચાહકો અને કાર્યકર્તાઓ દ્વારા એક લાખ ઘરે "સંસ્કૃત વદતુ' એવી સરળ સંસ્કૃત શીખવતી પુસ્તિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ તાજેતરમાં બાળકવિ સંમેલનમાં સરળ સંસ્કૃતમાં સંભાષણ કલા ઘેર ઘેર પહોંચે તેવું જે પ્રેરક સૂચન કર્યુ હતુ તેમાં સૂર પુરાવતાં આ પુસ્તિકાનું પ્રકાશન કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ આદ્ય ભાષા સંસ્કૃતના જતન-સંવર્ધનના આ સ્તુત્ય પ્રયાસ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# શિતળા સાતમ માટે બજારમાં અવનવી વાનગીઓ ઉપલબ્ધ

ગાંધીનગર તા.૨

શ્રાવણ મહિનાના પ્રારંભ થી જ તહેવારોની શરુઆત થઈ જાય છે. શીતળા સાતમના રોજ ઠંડુ ખાવાની પરંપરા છે. રાંધણ છઠના દિવસે મહિલાઓ રાંધે છે.ત્યારે હવે મહિલાઓને રાંધવાની પળોજણમાંથી મુકિત મળશે. બદલાતા સમયમાં દરેક ચીજવસ્તુમાં નવો ટ્રેન્ડ આવે છે. શહેરના બજારમાં શીતળા સાતમને લઈ થેપલા, પુરી, વડા સહિત અવનવા શાક પણ ઉપલબ્ધ છે.

શ્રાવણ મહિનામાં શીતળા સાતમનો અનેરો મહિમા છે. આ દિવસે શીતળા માતાનું પુજન કરવામાં આવે છે. સૌભાગ્યવતી સ્ત્રીઓ વ્રત કરે છે. વ્રત કરનારને સવારે ઠંડા પાણીથી સ્નાન કરવાનું હોય છે. ચુલો સળગાવાય નહી તેમજ માતાજીની પુજા અર્ચના કરવામાં આવે છે. વર્ષ દરમિયાન માત્ર આ તહેવારમાં ઠંડુ ખાવાનો મહિમા છે.શીતળા સાતમના દિવસે ઘરમાં કોઈ પણ ચીજવસ્તુ ગરમ બનાવવામાં આવતી નથી.દિવસ દરમ્યાન ઠંડી બનાવેલી રસોઈ જમવાની હોય છે. શ્રાવણ માસમાં શિવ ભકતો પુરો મહિનો ઉપવાસ કરે છે. જેમાં એક ટાઈમ ભોજન કરતા હોય છે. પરંતુ સાતમના દિવસે એવું કહેવાય છે કે ઉપવાસમાં પણ છુટછાટ આપવામાં આવે છે. ભકતો દિવસ દરમિયાન બનાવેલી અવનવી વાનગી આરોગે છે. સાતમના દિવસે ઠંડુ જમવાની પ્રથા હોવાથી ગૃહિણીઓ રાંધણ છઠના દિવસે અવનવી વાનગીઓ બનાવે છે. જેમાં વડા, તીખી પુરી, મોળી પુરી, ફરસી પુરી, થેપલા, પાત્રા, હાંડવા સહિતની વાનગી બનાવે છે. લોકો હોંશે હોંશે આરોગે છે. પરંતુ અત્યારના આધુનિક જમાનામાં ઠંડુ ખાવાનું કોઈને પસંદ નથી. ઠંડુ ખાવાનું વર્ષ દરમિયાન એક દિવસ હોવા છતાં નવયુવાનો સાંજે એક ટાઈમ પરિવાર સાથે બહાર જમવાનું પસંદ કરે છે. નવા ટ્રેન્ડ પ્રમાણે ગૃહિણીઓ પણ રાંધવાની પળોજણમાંથી છુટકારો મેળવવા તૈયાર આઈટમ લેવાનું અનુકુળ સમજે છે.વેપારીઓ પણ શીતળા સાતમને લઈ બજારમાં અગાઉથી તૈયારી કરી લેતા હોય છે. નવા ટ્રેન્ડમાં શહેરમાં ફરસાણની દુકાનોમાં ફરસી પુરી,તીખી પુરી, મોળી પુરી, થેપલા, વડા, સુંવાળી, પાત્રા, ઢોકળા, હાંડવો, ઘેસ, સહિત ભરેલા ભીંડા, કાજુ કારેલા, બટાકાની સુકી ભાજી તેમજ સુકા શાક બજારમાં ઉપલબ્ધછે. નોકરીયાત મહિલાઓ કામકાજની ઝંજટથી કંટાળેલી હોવાથી બજારમાં મળતી રેડીમેડ ચીજવસ્તું વધુ ખરીદી રહી છે. વર્ષ દરમિયાન ગરમાં ગરમ જમતાં નગરજનોને એક દિવસ ઠંડુ ખાવું જોઈએ કારણકે અષાઢ અને શ્રાવણના વરસાદ બાદ નીકળેલા વરાંપને કારણે પાચનતંત્રને રાહત આપવા ઉપવાસ કરવામાં આવે છે. સળંગ ઉપવાસ દરમિયાન અતિશય શારીરિક નબળાઈ ના આવે તે હેતુથી અધવચ્ચે એક દિવસ ખાવાની છુટ લેવાય છે જેને મોં ખુલ્લુ રાખવું તેવું તળપદી ભાષામાં કહેવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે શીતળા માંનું વ્રત કરવાથી સૌભાગ્ય, ધન અને સંતાનની પ્રાપ્તિ થાય છે તેવું પૌરાણીક વાર્તાઓમાં કહેવાયું છે.



(તસવીર : નિકેશ બ્રહ્મભટ્ટ)

## વ્યાજખોરોના ત્રાસથી રામોલનાં યુવાનનો કેનાલમાં આપઘાત

અમદાવાદના રામોલ વિસ્તારમાં રહેતા ૨૭ વર્ષીય યુવાન રિક્ષા ડ્રાઈવરે વ્યાજખોરોની પઠાણી ઉઘરાણીથી ત્રાસી જઈને રાયપુર કેનાલમાં પડતું મુકી દીધું છે. ડભોડા પોલીસે ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

ગાંધીનગર નજીકના રાયપુર નર્મદા કેનાલની બહાર એક બિનવારસી રિક્ષા પડી હતી ગઈ સાંજે કેનાલના પાણીમાંથી એક યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસને ઘટનાની જાણ થતાં ડભોડા પોલીસ બનાવ સ્થળે પહોંચી ગઈ હતી અને રિક્ષાને આધારે યુવાનની ઓળખ કરતાં અમદાવાદના રામોલ વિસ્તારના મદનીનગરનો ૨૭ વર્ષીય રિક્ષા ડ્રાઈવર રીયાઝ સત્તારભાઈ મન્સુરી હોવાનું બહાર આવ્યું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે આ યુવાને રૂ. ૨૫ હજાર કોઈ પાસેથી વ્યાજે લીધા હતા તેની પઠાણી ઉઘરાણી કરી વ્યાજખોરો પ્રેશરમાં રાખતા હતા જેને પગલે કંટાળી જઈ આ યુવાને રાયપુર કેનાલ બહાર રિક્ષા મુકીને આપઘાત કરી લીધો હતો. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પી.એમ. કરાવી વધુ તપાસ શરુ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. મંગળાબેન મનસુખલાલ એરણપુરીયા, ઉ.વ.૮૫
- સ્વ. મોમાભાઈ બબાભાઈ ભરવાડ, ઉ.વ.૭૫
- સ્વ. બૈસુબેન મનુજી વાઘેલા, ઉ.વ.૫૫